શ્રી જય અંબે પરિવાર આયોજીત ૩૪મી અંબાજીની પદયાત્રા સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

શ્રી જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ભાદરવી પૂનમે ૩૪મી અંબાજીની પદયાત્રાનું પ્રસ્થાન સેક્ટર-૧૩-બીના શક્તિચોકમાંથી ૨૦૦ પદયાત્રીઓ સાથે વર્ષોની પરંપરા મુજબ નગરના અગ્રણી મહાનુભાવો, આમંત્રિત મહેમાનો તથા ધર્મપ્રેમી જનતાની હાજરી અને શુભેચ્છાઓ વચ્ચે થયુ હતુ.

ભાદરવાની અંબાજીની પદયાત્રાના રસ્તામાં વાસન મહાદેવ, સિદ્ધિનાથ મહાદેવ ગોજારિયા, રામજી મંદિર દેવીપુરા, ધરોઈ કોલોની વિસનગર, બળવંતી ભવન ઉમતા, જય અંબે સેવા કેન્દ્ર ડભોડા, શાહુપુરા કંપા, પગાર કેન્દ્ર શાળા, ઓરણ, શીતકેન્દ્ર દાંતામાં વિસામો કરતા કરતા તા. ૬-૯-૨૨ના રોજ આરાસુરની પ્રાકૃતિક ગોદમાં બિરાજમાન મા અંબાના મંદિરે ધજા અર્પણ કરી, સવિતા ગોવિંદ સંઘ અંબાજીમાં ઉજવણીનો આનંદ માણી, મા ના મંગલમય દર્શનની સ્મૃતીઓ હૃદયમાં ધારણ કરી સંઘ ગાંધીનગર પરત આવી ગયેલ છે. ટ્રસ્ટના પ્રમુખ લલિતભાઈ પટેલે પોતાની આ ૪૨મી અંબાજીની પદયાત્રા કરતાં પૂર્ણ કરતાં જણાવેલ કે પદયાત્રા સંઘની પ્રેરણા તેમને સને ૧૯૮૯ પહેલાં ત્રણવાર અંબાજીની વ્યક્તિગત પદયાત્રા કરતાં ઉદ્ભવતાં ૪૫ પદયાત્રીઓ સાથે પ્રથમ પદયાત્રા સંઘ ૧૯૮૯માં પ્રારંભ થયેલ, ચૈત્રી પૂનમ ઉપર પણ તેમણે પાંચવાર પદયાત્રા કરેલ છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે છેલ્લી બે પદયાત્રા આંસિક માત્રામાં માત્ર ૫૧ પદયાત્રીઓ સાથે પૂર્ણતા પછી આ વર્ષે પુનઃ માતાજીની કૃપાથી અને સરકારના સુદૃઢ આયોજનથી આ પરિવાર સંચાલિત ૩૪મી પદયાત્રા સુપેરે સંપન્ન થઈ હતી. જેમાં સહકાર આપનાર શુભચિંતકો, ભામાશાઓ, મીડીયાના મિત્રો, ધર્મપ્રેમી જનતા અને મા ભગવતી જગદંબાનો આભાર માન્યો હતો.

સે-૨૧ શોપીંગ સેન્ટરમાં પીવાના પાણીની સમસ્યા ઘેરી બની છે

છેલ્લા એક સપ્તાહથી સ્થાનિક વેપારીઓને પીવાના પાણી માટે હાલાકી પડી રહી છે : પાણી પુરવઠા તંત્ર સમસ્યાનું નિવારણ લાવવામાં સંપૂર્ણ નિંદ્રાધિન જોવા મળી રહ્યુ છે

શોપિંગ સેન્ટરમાં સફાઈનો અભાવ

સે. ૨૧ શોપિંગ સેન્ટરમાં કપડાની દુકાનો ઉપરાંત મોટી-મોટી ખાણી-પીણીની દુકાનોનો પણ સમાવેશ થાય છે. ત્યારે હાલમાં ચોમાસાની સિઝનમાં અહીંયા સ્વચ્છતાના નામે મીંડુ જોવા મળી રહ્યું છે. ઠેર ઠેર ગંદકી અને કાદવ-કીચડના કારણે રોગચાળો ફેલાવવાની ભીંતિ સેવાઈ રહી છે. કાદવ-કીચડના કારણે નાગરિકો પણ અહીંયાથી અવરજવર કરવાનુ ટાળી રહ્યા છે.

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરનું મુખ્ય બજાર ગણાતું એવું સેક્ટર-૨૧ હાલમાં ઘણી બધી સમસ્યાઓથી પીડાઈ રહ્યું છે. ઠેર ઠેર ખોદકામ થઈ જવાના કારણે સ્થાનિક વેપારીઓમાં મુશ્કેલીઓ વધી જવા પામી છે. જેમાં છેલ્લા એક અઠવાડિયાથી પાણીની પાઈપલાઈન માટેનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જેમાં પાણીની પાઈપલાઈનો તૂટી જવાના કારણે વેપારીઓને પીવાના પાણીની સમસ્યાઓ ઉભી થઈ છે. સ્થાનિક વેપારીઓને પીવાના પાણી માટે ટેન્કરો બોલાવવાની નોબત આવી છે. આ ઉપરાંત સમસ્યાઓનું ઘણું મોટુ લિસ્ટ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જેમાં ફરિયાદો કરવા છતાં કોઈ જ નિરાકરણ લાવવામાં આવી રહ્યું નથી. જો કે હાલમાં જે સમસ્યા છે તેમાં સૌથી મોટો હાથ પાણી પુરવઠા વિભાગનો છે. આ જવાબદાર તંત્ર દ્વારા ફરિયાદીઓની ફરિયાદનું કોઈ જ પ્રકારે નિરાકરણ લાવવામાં આવી રહ્યું નથી. સ્થાનિક વેપારીઓ રોષે ભરાયા છે. પાણી પુરવઠા વિભાગમાં વારંવાર ફરિયાદો કરવામાં આવી હોવા છતા વેપારીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ જવાબદાર તંત્ર સંપૂર્ણ નિંદ્રામાં હોય તેવું માલુમ પડ્યું છે. આ તંત્રમાં બેઠેલા જવાબદાર અધિકારીઓ દ્વારા ફરિયાદો સાંભળવામાં ન આવતા વેપારીઓને હાલમાં પીવાના પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

બજારમાં સ્થાનિક વેપારીઓ નુકસાનીમાં

હાલમાં પર્વોની સિઝન ચાલી રહી છે ત્યારે બજારમાં ઠેર ઠેર ખોદકામ કરી મુક્યુ છે. જેમાં કામગીરી અધૂરી હાલતમાં હોવાથી નાગરિકોને પણ બજારમાં અવરજવર કરવી મુશ્કેલ બની જવા પામી છે. ખોદકામના કારણે ખાડાઓમાં વરસાદના પાણી ભરાઈ ગયા છે. કાદવ-કીચડ પ્રસરી ગયો છે. આ ઉપરાંત કચરો ફેલાયો છે. આખા બજારની સ્થિતિ અવ્યવસ્થિત થઈ જવા પામી છે. જેમાં ખરીદી માટે આવતા નાગરિકોની અવરજવર ઓછી થતા વેપારીઓને નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે.

સે-૨૭માં જીવન આસ્થા હેલ્પ લાઈનની નવી કચેરીનું લોકાર્પણ

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેકટ હેઠળ કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈન છેલ્લા સાત વર્ષથી કામ કરે છે. વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસના રોજ એસપી ઓફીસ ખાતે રેન્જ આઈજી અભય ચુડાસમાના હસ્તે જીવન આસ્થા હેલ્પલાઈનની નવી કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં તરૂણ દુગ્ગલ તથા નામાંકિત સાયકાટીસ્ટ ડોકટર્સ અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. જીવન આસ્થા દ્વારા સાત વર્ષથી એક લાખની વધુ કોલ એટેન્ડ કરીને કાઉન્સેલીંગ કર્યું છે. ૬૫૦થી સુસાઈડ કોલ એટેન્ડ કરી સુસાઈડ

કરતા રોકવામાં સફળતા મેળવેલ છે. ચુડાસમા દ્વારા જીવન આસ્થાની કામગીરી બિરદાવવામાં આવી હતી તથા રૂબરૂ કાઉન્સેલીંગ માટે આવતી વ્યક્તિઓ સાથે નાના બાળકો માટે પણ અલાયદી વ્યવસ્થા ઉભી કરવા સૂચન કર્યું હતું.

એલ્યુરિયને ભારતમાં એનું વિશ્વમાં અગ્રણી વજન ઘટાડવાનું સમાધાન પ્રસ્તુત કર્યું

અમદાવાદ, તા.૧૧

મેદસ્વીપણામાંથી મુક્તિ અપાવવા કટિબદ્ધ કંપની એલ્યુરિયને ભારતમાં એલ્યુરિયન સ્વેલોએબલ કેપ્સૂલ પ્રસ્તુત કરી છે – આ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ડિરેક્ટરોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ દ્વારા નજર રાખતું ભારતીય રાષ્ટ્રીય સત્તામંડળ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) દ્વારા સંપૂર્ણપણે માન્યતાપ્રાપ્ત વજન ઘટાડવાની એકમાત્ર દવા છે. ડૉ. શાંતનુ ગૌર સ્થાપિત એલ્યુરિયન એક લક્ષ્યાંક ધરાવે છે: મેદસ્વીપણામાંથી મુક્તિ. હાર્વર્ડ યુનિવર્સિટીમાં પોતાનો અંડરગ્રેજ્યુએટ અભ્યાસ પૂર્ણ કર્યા પછી ડૉ. ગૌરે વર્ષ ૨૦૦૯માં હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાંથી તેમનો મેડિકલ અભ્યાસ પૂર્ણ કરીને કંપનીની સ્થાપના કરી હતી. પોતાના પાર્ટનર અને હાર્વર્ડના પૂર્વ પ્રોફેસર ડૉ. રામ ચક્કની સાથે સંયુક્તપણે તેમણે એલ્યુરિયન પ્રોગ્રામ માટેનું વિઝન વિકસાવ્યું હતું. એલ્યુરિયન પ્રોગ્રામનું હાર્દ છે – એલ્યુરિયન સ્વેલોએબલ કેપ્સૂલઃ વજન ઘટાડવા માટે વિશ્વની પ્રથમ અને એકમાત્ર સ્વેલોએબલ, પ્રક્રિયા વિનાનું ગેસ્ટ્રિક બલૂન. એલ્યુરિયન સ્વેલોએબલ કેપ્સૂલ એલ્યુરિયન આઈરિસ એઆઈ પ્લેટફોર્મ દ્વારા પાવર્ડ રિમોટ પેશન્ટ મોનિટરિંગ સોલ્યુશન એલ્યુરિયન વર્ચ્યુઅલ કેર સ્યૂટ સાથે જોડવામાં આવે છે. આ સોલ્યુશનમાં એલ્યુરિયન મોબાઈલ એપ, કનેક્ટેડ સ્કેલ અને હેલ્થ ટ્રેકર સામેલ છે. એલ્યુરિયન પ્રોગ્રામ એવા લોકો માટે અનુકૂળ છે, જેઓ એકલા ડાયેટિંગથી તેમના વજન ઘટાડવાના લક્ષ્યાંક હાંસલ કરવા સક્ષમ નથી અથવા ઈન્વેસિવ સર્જરી કે એન્ડોસ્કોપી કરાવવા ઈચ્છતાં નથી કે કરાવી શકતાં નથી. વળી આ ડાયાબીટિસ, વંધ્યત્વ કે કાર્ડિયોવાસ્ક્યુલર રોગ સહિત વજન સાથે સંબંધિત સહબિમારીઓ માટે એક સારવાર તરીકે પણ ઉપયોગી બની શકે છે. ક્લિનિકની ફક્ત ૧૫-મિનિટની મુલાકાતમાં દર્દી એલ્યુરિયન સ્વેલોએબલ કેપ્સૂલ ગળે છે – આ એક સલામત અને કામચલાઉ વેગન કેપ્સૂલ છે, આ બલૂન સાથે કેથેટર જોડાયેલું હોય છે. એક વાર પેટમાં કેપ્સૂલ પહોંચ્યા પછી હેલ્થકેર વ્યવસાયિક કેથેટરનો ઉપયોગ કરીને બલૂનને ૫૫૦એમએલના પ્રવાહી સાથે ફૂલાવે છે – જેમાં કોઈ સર્જરી, એન્ડોસ્કોપી કે એનેસ્થેશિયાની જરૂર નથી.

સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા મનોજ જોષી ગાંધીનગર શહેર જિલ્લા મહામંત્રી તરીકે નિમાયા

ગાંધીનગર, તા.૧૧

સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા ગાંધીનગરના યુવા બ્રહ્મબંધુ મનોજ જોષીની ગાંધીનગર જિલ્લાના મહામંત્રી તરીકે નિમણૂક થતાં બ્રહ્મ સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. સ્વભાવે કર્તવ્યનિષ્ઠ, સંવેદનશીલ, પ્રેમાળ, ખંતીલા, કાર્યશીલ મનોજભાઈને કાયમ તેમના કાર્યમાં આગળ રાખે છે. અત્રે લેખનીય છે કે મનોજ જોષી વર્ષોથી વેપારી તરીકે પોતાની સારી શાખ ધરાવે છે. ગાંધીનગર કલ્ચર ફોરમ, કલાગુર્જરી, સંસ્કૃતિ સંસ્થા, શિવરંજની તથા ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટમાં વર્ષોથી પોતાની સેવા, સમય અને સહકાર આપતા આવ્યા છે. તો નગરના નિર્મોહી આશ્રમમાં દર રવિવારે ગરીબોને ભોજન પિરસવામાં નિયમિત સેવા આપતા આવ્યા છે. ભૂતકાળમાં ગાંધીનગરની સૌરભસ્ત્રી સમાજ સંસ્થા સાથે મોરબી હોનારત અને કચ્છ ધરતીકંપ દરમ્યાન કરેલ યોગદાન-સેવા આજે પણ લોકો યાદ કરે છે. મનોજભાઈ, નગરમાં સમાજસેવા અને પર્યાવરણ સેવા માટે જાણીતું નામ છે. ખાસ કરીને ગરીબ બાળકો, ગરીબ વિદ્યાર્થીઓ અને ગરીબ દીકરીઓ પર સતત સેવા, સહકાર અને પ્રેમ વરસાવતા આવ્યા છે. પત્રકાર ક્ષેત્રે ઉજવળ નામ ધરાવનાર મનોજભાઈ પર્યાવરણ અને પોઝીટીવ સમાચારને કાયમ પ્રાધાન્ય આપે છે. સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા ગાંધીનગર જિલ્લાના મહામંત્રી તરીકે મનોજભાઈ બ્રહ્મ સમાજની ખૂબ જ સેવા કરી લોકોના દિલમાં સ્થાન મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અમિયાપુર પ્રા. શાળામાં વૃક્ષારોપણ

ભાદરવી પૂનમના શુભ દિવસે પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત અમિયાપુર પ્રાથમિક શાળામાં ટીસીએસના સહયોગથી વૃક્ષારોપણ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષક નિલેશકુમાર સોલંકી, અરૂણાબેન પટેલ તથા ટીસીએસમાંથી આશિષ પાઠક અને વોલન્ટીઅર્સ તથા શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઈકો ક્લબ પ્રવૃત્તિમાં વૃક્ષ મહત્વ પર્યાવરણ જતન, ગ્રીન સ્કૂલ અંગે સંદેશ આપવામાં આવ્યો હતો.

વ્રજરાજ કુમારજીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં મહાસંમેલન યોજાયુ

દીપકની જ્યોત થોડોક સમય પ્રજ્વલિત રહેશે પણ માતા-પિતાએ બાળકોને આપેલા સંસ્કારની જ્યોત જીવન પર્યન્ત રહેશે

ગાંધીનગર, તા.૧૧

વૈષ્ણવાચાર્ય પૂ.૧૦૮ શ્રી વ્રજરાજ કુમારજીએ જણાવ્યું કે દીપકની જ્યોત થોડોક સમય પ્રજ્વલિત રહે છે જ્યારે માતા-પિતાએ બાળકોને આપેલી સંસ્કારની જ્યોત જીવંત પર્યંત રહે છે. આજે ગાંધીનગર સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ હોલ ખાતે પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષના ઈતિહાસમાં સૌપ્રથમવાર આયોજિત થઈ રહેલા ભવ્ય, દિવ્ય, અને અલૌકિક શ્રીકૃષ્ણ વર્લ્ડ સંસ્કાર સંકુલના મંગલ ખાતમુહૂર્ત મહોત્સવ એવમ વિરાટ મહાસંમેલનના આયોજન માટેની બેઠકમાં વ્રજરાજ કુમારજી બોલી રહ્યા હતા. તેમણે બાળકોના સંસ્કાર માં માતાની ભૂમિકા અતિ મહત્વની છે તેમ જણાવી આપણું દાયિત્વ આ બાળકોને સુસંસ્કાર આપવાનું અને કુસંગથી દૂર રહે તેનું ધ્યાન રાખવાનું છે. નાનપણથી જ સંસ્કાર પ્રદાન કરી શકાય 'ભીની માટીને આકાર આપી શકાય છે સુખી માટેની નહીં' તેમ જણાવી તેઓશ્રીએ પુષ્ટિમાર્ગ ભારતમાતાની વૈભવના શિખર પર લઈ જશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. યુવાનો, પ્રોઢો અને સિનિયર સિટીઝનને પણ અપીલ કરતા કહ્યું કે ગુણવત્તાયુક્ત જીવન જીવવા માટે આપણે સૌએ ભગવાન સાથેની સનમુખતા કેળવવી જોઈએ. તેઓશ્રીએ મૌન, ધ્યાન, સત્સંગ પરમાર્થ, સમર્પણભાવ અને પ્રતિદિન સૂવાના અડધા કલાક પહેલા મોબાઈલ થી દુર રહેવાની અપીલ કરીને એકાદ દિવસ મોબાઈલ ઉપવાસ કરવા પર ભાર મૂક્યો હતો. 'પેટને સાફ કરવા સાફી તેમ મનને સાફ કરવા માફી' નું સૂત્ર આપીને રાગ અને દ્વેષથી દૂર રહી સત્સંગ અને સર્વ પ્રત્યે પ્રીતિ રાખવા અનુરોધ કર્યો હતો.

વ્રજરાજકુમારજીએ શ્રીકૃષ્ણ સંસ્કાર વર્લ્ડના ખાતમુહૂર્ત, વૈષ્ણવ મહાસંમેલન અને રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ચોરડી ગામે ૫૫ વીઘા જમીનમાં આકાર લઈ રહેલા સૌથી મોટા પ્રોજેક્ટ અંગેની માહિતી આપી ધર્મ અને

ભારતીય સંસ્કૃતીના ગુણો ઉજાગર કરવામાં આ સંકુલ આંતરરાષ્ટ્રીય સ્તરે આકર્ષક અને પ્રભાવક બની છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઇ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને ભાજપ શહેર પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટે કોરોના કાળ દરમિયાન વલ્લભ યુથ ઓર્ગેઝનની સેવાઓ બિરદાવીને રૂપિયા ૭ કરોડ ના ખર્ચે આ ૨૯ જેટલા ઓક્સિજન પ્લાન્ટ માત્ર ૨૪ દિવસમાં જ નાખવાની કાર્યને બિરદાવ્યું હતું તેમજ મહાનગરપાલિકા તરફથી આવા કાર્યોમાં શક્ય તે તમામ મદદની ખાતરી ઉચ્ચારી હતી કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતા પ્રભારી જશવંતભાઈ ગાંધીએ વલ્લભ કુલ વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજરાજકુમારજી મહોદયની આધ્યાત્મિક યાત્રાને બિરદાવીને કહ્યું કે વિશ્વના પાંચ કરોડ વૈષ્ણવ પરિવારોને સંગઠિત કરવાનું ભગીરથ કાર્ય પૂજ્યશ્રીએ આરંભ્યું છે. V. Y.O.ના સૂત્ર વી સર્વ હેપ્પીનેશને સાર્થક કરતી વિવિધ પ્રવૃતિઓની માહિતી પ્રમુખ ડો. પ્રદીપ ગગલાણીએ આપી હતી. પૂજ્યશ્રીની મંગલ વધાઈ પ્રસંગે અલૌકિક સાંસ્કૃતિક કાર્યક્રમ એજ્યુકેશન ટીમ દ્વારા દિપેશભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો. આ અવસરે વ્રજરાજ કુમાર મહોદયના સમાજ સમર્પિત વિચારના ફળસ્વરૂપે બહુમૂલ્ય ભારતીય પરંપરાના સંસ્કારોને આજની પેઢીમાં ઉજાગર કરવા તથા અમૂલ્ય સંસ્કૃતિના સંસ્કારોને જીવંત રાખવાના પ્રયાસમાં "જન્મદિન પ્રગટાવો અભિયાન" નો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્લાઈડ શો દ્વારા V. Y.O.ની સિદ્ધિઓની ઝાંખી કરાવવામાં આવી હતી.

સંપન્ન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંબેશ વધુ સફળ રહી હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

આ ઝુંબેશ દરમ્યાન ૯૦ હજારથી વધુ મતદારોએ આધાર લીંક માટેની અરજીઓ આપી છે. મતદારોએ તેમના વિસ્તાર બદલીને અન્ય રહેવા જયા હોવાથી ફેરફારની અરજીઓ પણ વધુ આવી છે.

જિલ્લામાં આજે ૧૩૫૦ જેટલા બુથો પર મતદાયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના અધિકારીઓએ વિવિધ બુથોની મુલાકાત લીધી હતી.

મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન મળેલ અરજીઓની ચકાસણીની કામગીરી હવે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે તેમજ નામ કમી કરવાને લઈ નોટીસો આપી તે અંગેની ખરાઈ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

૯ કેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૪ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના દહેગામ અને કલોલમાં એક-એક કેસ તો ગાંધીનગર ગ્રામ્યમાં બે કેસ નોંધાયા છે.

દહેગામમાં વાસણા ચૌધરી ગામે ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના સાદરા અને ગિયોડ ગામેથી એક-એક કેસ મળી આવ્યા છે. આ બન્ને પુરૂષ દર્દી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૫૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પુનઃ સંક્રમણના કેસો મળવાના શરૂ થતાં તંત્રની દોડધામ વધવા પામી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રમાં ચિંતાની લાગણી વધવા પામી છે.

શહેરમાં આજે સે. ૨૬માં બે કેસ ઉપરાંત સે. ૧૯, સરગાસણ તેમજ કુડાસણમાંથી કેસ મળી આવેલ છે. બધાજ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું તંત્રની તપાસમાં જણાયુ છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં નોંધાયેલ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો નોંધાયો છે. શહેર-જિલ્લામાં આજે ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં પાંચ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૬ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકાએ પહોંચ્યો છે.

લાઈટો ડુલ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંજોગોમાં સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા રહીશોને વધુ હાલાકી વેઠવી પડે છે. સેકટરોમાં હજુ પણ સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી નથી નવરાત્રિ મેદાનોમાં પણ ઘાસ અને બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળી છે. જયારે આ કોમન પ્લોટ આસપાસના વિસ્તારમાં પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાયોના મોત ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાનની સ્થિતિ જાણવા માટે ત્યાં ગયા હતા અને પ્રદેશ સરકારનો પુરૂ સહયોગ કરવામાં આવી રહ્યો છે.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ જાણકારી આપી કે દૂધનું સૌથી વધુ કલેક્શન ગુજરાતથી થાય છે. ત્યાં લમ્પી વાયરસ શાંત થવાની સ્થિતિમાં આવી ગયો છે. તેમણે કહ્યું કે તેમની અમૂલ સાથે વાત થઈ, જ્યાંથી જવાબ મળ્યો કે ત્યાં તેમના દૂધના કલેક્શન પર કોઈ સંકટ નથી. લમ્પીવાયરસ પશુઓને થનાર એક સંક્રમણ બિમારી છે. તેને કેપરી પોક્સ વાયરસ પણ કહે છે. મચ્છર, માખીઓ, ઝૂ વગેરે કીટ આ બિમારીના રોગવાહકના રૂપમાં કામ કરે છે. હજુ પણ કહેવામાં આવી રહ્યું છે કે દૂષિત ભોજન પાણીના સેવનથી લમ્પી વાયરસનું સંક્રમણ ફેલાય છે.

નિધન ● અનુસંધાન પહેલાનું ચાલુ

શંકરાચાર્ય સ્વામી સરસ્વતીનો ગંગા આશ્રમ નરસિંગપુર જિલ્લાના જ્ઞોતેશ્વરમાં છે. તેમણે પોતાના આશ્રમમાં અંતિમ શ્વાસ લીધા છે. સ્વરૂપાનંદ સરસ્તવીનો જન્મ મધ્યપ્રદેશના સિવનીમાં ૨ સપ્ટેમ્બર ૧૯૨૪મા થયો હતો. તેઓ ૧૯૮૨માં ગુજરાતના દ્વારકા શારદા પીઠ અને બદ્રીનાથમાં જ્યોતિર મઠના શંકરાચાર્ય બન્યા હતા.

કરેળ પહોંચી ● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય વરિષ્ઠ નેતાઓએ કોંગ્રેસના સાંસદો કેસી વેણુગોપાલ અને શશિ થરૂર તેમજ કેરળના ભૂતપૂર્વ મુખ્યપ્રધાનો ઓમેન ચાંડી અને રમેશ ચેન્નીથલા પણ હાજર રહ્યા હતા.

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષના સ્વાગત માટે સમર્થકોની ભારે ભીડ ઉમટી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને આ યાત્રાના રાષ્ટ્રીય સંયોજક દિગ્વિજય સિંહે ટ્વિટ કર્યું કે, અમારી ભારત જોડો યાત્રા કેરળમાં છે. ભારતની વિવિધતા એટલી સ્પષ્ટ છે. ગઈકાલે અમે તમિલ ભાષી તમિલનાડુમાંથી મલયાલમ ભાષી કેરળમાં પ્રવેશ્યા. વનક્કમથી નમસ્કારમ સુધી. યાત્રા દરમિયાન ગાંધીજીની સાથે રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે ટ્વીટ કર્યું, આજે અમે ભારત જોડો યાત્રાના ચોથા દિવસની શરૂઆત કેરળના તિરુવનંતપુરમ પાસેના પરસાલા જંક્શનથી કરીએ છીએ. ધારણા મુજબ રવિવારે સવારથી જ ભારે ભીડ જામી રહી છે.

તમિલનાડુ સરહદ નજીકના પરસાલાથી કેરળમાં પ્રવેશ્યા પછી, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ ૧૯ દિવસમાં મલપ્પુરમથી નીલામ્બર સુધી ૪૫૦ કિલોમીટર લાંબી મુસાફરી કરશે. આ યાત્રા ૧૪ સપ્ટેમ્બરે કોલ્લમ જિલ્લામાં પ્રવેશ કરશે, ૧૭ સપ્ટેમ્બરે અલાપ્પુઝા પહોંચશે. , ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે એર્નાકુલમ જિલ્લામાંથી પસાર થશે.

કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઉજવણી કરવામાં આવી રહી છે. તેવાં સમયમાં ૭ વર્ષથી ઉપરની સજા કાપનાર ગુનેગારો કે જેઓની ચાલ-ચલગત જેલમાં સારી હોય તેવું પ્રમાણપત્ર જેલર દ્વારા આપવામાં આવેલું હોય, તેવા કેદીઓ પોતાની સજા ભારતની આઝાદીનાં અમૃત વર્ષની ઉજવણીનાં માનમાં ઓછી કરવા અથવા રદ કરવા રાજયપાલશ્રીને અરજી કરી શકે છે. આવી અરજીઓ ઉપર રાજયપાલશ્રી પોતાનો અભિપ્રાય રાજયનાં મુખ્યમંત્રીશ્રી તથા કાયદામંત્રીશ્રી તેમજ ગૃહમંત્રીશ્રીને લેખીતમાં જણાવી શકે છે. જેનાં આધારે રાજયસરકાર આવા કેદીઓની સજા માફ કરવાનો કે રદ કરવાનો હુકમ કરી શકે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in